The results of the Postal Ballot will be declared within two working days from the conclusion of the Postal Ballot and will be displayed along with the Scrutinizer's Report at the Registered Office of the Company after communication to the Stock Exchange viz. The National Stock Exchange of India Ltd. (www.nseindia.com)., where equity shares of the Company are listed, in accordance with the SEBI Listing Regulations and be uploaded on the Company's website www.laxmilifestyle.co.in and on the website of NSDL at www.evoting.nsdl.com. The Scrutinizer's decision on the validity of the Postal Ballot shall be final.

Members are also informed that in case you have any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evoting.nsdl.com, under help section or contact a toll-free number 022-4886 7000 or send a request at evoling@nsdl.com or contact to Ms. Pallavi Mhatre, Senior Manager, National Securilies Depository limited, T301, 3rd Floor, Naman Chambers. G Block. Plol No- C-32, Bandra Kurla Complex, Bandla East, Mumbai-400051, at email id- evoting@nsdl.com or aforesaid toll free number or write an email to at cs@laxmilifestyle.co.in or cs.laxmigold@gmail.com.

For, Laxmi Goldorna House Limited
Sd/-
**Jayesh Chinubhai Shah**
Managing Director - DIN: 02479665

**Date : 25-03-2025**
**Place : Ahmedabad.**

# સુરતથી ગાંજો વેચવા પાનોલી આવતાં ભાભી અને દિયર ઝબ્બે

**પોલીસે રૂા.૫૪ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો : ૧.૯૮૨ કિલો ગાંજો છુટક વેચાણ માટે લાવ્યાં હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી**


(તસ્વીર: વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,** પાનોલી જીઆઈડીસીમાં ગાંજાના જથ્થા સાથે દિયર - ભાભીને પાનોલી પોલીસે ઝડપી પાડયા હતા.જેઓ પાસેથી ૧.૯૮૨ કિલો ગાંજો છૂટક વેચાણ માટે સુરતથી લાવ્યા હોવાનું જણાવતા પોલીસે ૫૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

રાજયભરમાં પોલીસે અસામાજીક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી છે.બાકરોલ બ્રિજથી મહારાજા નગર સંજાલી તરફ એક ઈસમ અને મહિલા બાઈક પર ગાંજો લઈ આવનાર છે.જે માહિતી આધારે પાનોલી પોલીસ મથકના પીઆઈ શિલ્પા દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસે વોચ ગોઠવી હતી.બાતમી મુજબની બાઈક આવતાં તેને અટકાવવામાં આવી હતી.બાઈક સવાર મૂળ યુપીના અને સુરત ખાતે રહેતા સોનુ જયપ્રકાશ મહેસીયાઅને તેની સંજાલી શુભમ પાર્ક રહેતા ખાતે ભાભી રેખા દેવી મહેન્દ્ર મહેસીયાની તલાસી લેતા તેમની પાસે થી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે એફ.એસ.એલ પાસે તપાસ કરાવતાં બંને પાસેથી મળેલો પદાર્થ ગાંજો હોવાનું ફલિત થયું હતું.પોલીસે કુલ ૧.૯૮૦ કિગ્રા ગાંજો,૩ મોબાઈલ અને બાઈક મળી કુલ ૫૪ હજાર રૂપિયાનો મુદ્દામાલજપ્ત કરી બને વિરુદ્ધ એન.ડી.એસ.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસ.ઓ.જી પોલીસને સુપરત કરી હતી.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં છૂટક વેચાણ કરવાના ઈરાદે લાવ્યો હોવાની કબુલાત કરી હતી.

## ઉનાળાની શરૂઆતમાં શાકભાજીના ભાવમાં વધારો

ગોધરા, ઉનાળાની ઋતુ શરૂ થતાં જ બજારમાં લીંબુ અને લીલા શાકભાજીના ભાવમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. શાકભાજીના ભાવ વધી જતાં ગૃહિણીઓના રસોડાનું બજેટ અસ્થિર બની ગયું છે.હાલમાં લીંબુ રૂ. ૧૮૦થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના દરે વેચાઈ રહ્યું છે, જે સામાન્ય લોકો માટે ઉંચી કિંમત ખરીદવું મુશ્કેલ બની રહ્યું છે. ઉનાળાની ગરમીમાં લીંબુ પાણી, શરબત અને ભોજનમાં વિશેષ ઉપયોગી હોય છે, જેથી તેની માંગ વધી છે, અને તેનાથી સીધો ભાવ વધારો જોવા મળી રહ્યો છે.શાકભાજીની વાત કરીએ તો ભીંડા, દુધી, કોબીજ, ટીંડોડા, ગવાર, ફુલકોબી, તુવેર, વટાણા જેવી શાકભાજી પણ રૂ. ૫૦ થી ૭૦ પ્રતિ કિલોના દરે વેચાઈ રહી છે. સામાન્ય લોકો માટે દરરોજના ખાવાનાં ખર્ચમાં વધારો થવાને કારણે બજેટને સંભાળવું મુશ્કેલ બની ગયું છે. લીંબુ અને લીલા શાકભાજીના ભાવમાં થયેલા આ વૃદ્ધિએ સામાન્ય પરિવારો માટે ઘરની રસોઈ પર સીધી અસર પડી હોય તેવું જોવાઈ રહ્યું છે. જો ભાવવૃદ્ધિ પર કાબૂ ન મુકાય, તો આવનારા સમયમાં સામાન્ય લોકો માટે આર્થિક દબાણ વધુ વધતું જાય તેવા સંજોગો સર્જાઈ શકે તેમ છે.

**આઈપીએલ - ૨૦૨૫**

# પંજાબે ગુજરાતને જીતવા ૨૪૪ રનનો ટાર્ગેટ આપ્યો

**અમદાવાદ,** આઈપીએલની ૧૮મી સીઝનની પાંચમી મેચ આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી હતી. પંજાબે પ્રથમ બેટીંગ કરતા કેપ્ટન શ્રેયસ ઐયરના ઝંઝાવાતી ૯૭ રન સાથે ૨૪૩ રનનો સ્કોર બનાવ્યો હતો. આમ પંજાબે ગુજરાતને જીતવા માટે ૨૪૪ રનનો ટાર્ગેટ આપ્યો છે.

સાઈ કિશોરે સતત બે બોલ પર ગ્લેન મેક્સવેલ (૦) અને અઝમતુલ્લાહ ઓમરઝાઈ (૧૬)ને આઉટ કર્યા હતા. પ્રિયાંશ આર્ય (૪૭ રન)ને રાશિદ ખાને અને પ્રભસિમરન સિંહ (૫ રન)ને કાગીસો રબાડાએ આઉટ કર્યા હતા. પંજાબે ૧૬મી ઓવરમાં પોતાની પાંચમી વિકેટ ગુમાવી દીધી હતી. અહીં માર્કસ સ્ટોઈનિસ ૨૦ રન બનાવીને આઉટ થયો હતો. તેને સાઈ કિશોરે અરશદ ખાનના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. અરશદે ત્રીજો કેચ પકડ્યો હતો. શ્રેયસ ઐયરે ૧૪મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. પંજાબની કેપ્ટનશીપ કરતી વખતે તેણે પહેલી મેચમાં ફિફ્ટી ફટકારી હતી.

રાશિદ ખાનની ઓવરના છેલ્લા બે બોલ પર ઐયરે સતત છગ્ગા ફટકાર્યા હતા. ૧૧મી ઓવરમાં, સાઈ કિશોરે સતત બે બોલ પર વિકેટ લીધી હતી. તેણે ત્રીજા બોલ પર અઝમતુલ્લાહ ઓમરઝાઈ (૧૬ રન)ને અરશદ ખાનના હાથે કેચ કરાવ્યો હતો. ત્યારબાદ ગ્લેન મેક્સવેલને એલબીમાં આઉટ કર્યો હતો

પંજાબે સાતમી ઓવરમાં પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી હતી. અહીં પ્રિયાંશ આર્ય ૪૭ રન બનાવીને આઉટ થયો હતો. રાશિદ ખાનના બોલ પર સાઈ સુદર્શને તેનો કેચ કર્યો હતો. રાશિદે પહેલી જ ઓવરમાં વિકેટ મેળવી લીધી. એ જ ઓવરમાં, નવા બેટર ઓમરઝાઈએ તેના પહેલા બોલ પર સિક્સર ફટકારી હતી. પાવરપ્લેમાં પંજાબે ૭૩ રન બનાવ્યા. ટીમે એક વિકેટ પણ ગુમાવી દીધી હતી. ૬ ઓવરના આ તબક્કામાં, પ્રિયાંશે ઝડપથી રન બનાવ્યા, જ્યારે પ્રભસિમરન સિંહ ૫ રન બનાવીને આઉટ થયો હતો.

પંજાબની ઈનિંગની પાંચમી ઓવર ફેંકતા અરશદ ખાને ૨૧ રન આપ્યા હતા. આ ઓવરમાં પ્રિયાંશ આર્યએ ૩ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. પંજાબે આ ઓવરમાં જ ૫૦ રનનો આંકડો પાર કરી લીધો હતો. પંજાબની ટીમે ત્રીજા ઓવરમાં પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી.

# ગોધરામાં શિક્ષક પર હુમલો

**(પ્રતિનિધિ)ગોધરા,** ગોધરા શહેરના સાતપુલ ઉર્દુ સ્કૂલની પાછળ રહેતા એક શિક્ષક પર ચાર શખ્સોએ હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા હતા.ગોધરાના સાતપુલ ઉર્દુ સ્કૂલની પાછળ રહેતા શિક્ષક ઈસ્માઈલ હુસેનભાઈ ભટુક પર હુમલો થયો છે.જેને લીધે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં ચાર શખ્સો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલે રાત્રે સાડા અગિયાર વાગ્યે ઈસ્માઈલભાઈ ભટુક બજારમાં ગયા હતા.ત્યારે તેમની પત્ની ફાતેમાનો ફોન આવ્યો હતો જેમાં ફાતેમાએ જણાવ્યું કે ઈમરાન સિકંદર બોબડીયા, અકીલ રફીક કઠડી, તસ્લીમ ગરીબા અને સાજીદ ફારૂક બંગલી ઘરે આવીને ઝઘડો કરી રહ્યા છે.જેથી ઈસ્માઈલભાઈ તાત્કાલિક તેઓના ઘરે પહોંચ્યા હતા ત્યારે ચારેય શખ્સો ત્યાં હાજર હતા. તેમણે આરોપીઓને પૂછ્યું કે શા માટે ઝઘડો કરી રહ્યા છો.ત્યારે તે સમયે ઈમરાન અને અકીલ ઉશ્કેરાઈ જઈ ઈસ્માઈલ ભાઈને બીભત્સ શબ્દો બોલી અને ધમકી આપી કે તેમની વિરુદ્ધ ફરિયાદ કેમ નોંધાવી છે.તે કહી ચારેય શખ્સોએ ઈસ્માઈલ ભાઈ અને તેમની પત્નીને મારવાનું શરૂ કર્યું. જેથી બૂમાબૂમ સાંભળીને ઈસ્માઈલ ભાઈના સાળા હમાદ શબ્બીર આવ્યા. તેઓ વચ્ચે પડ્યા ત્યારે ઈમરાને લોખંડની પાઈપ વડે હમાદના માથા પર હુમલો કર્યો હતો. હમાદને માથામાં ઈજા થતાં તેમને ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.જ્યાં હમાદને માથાના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા અને આરોપીઓએ ધમકી આપી કે જો ફરી ફરિયાદ કરશો તો જાનથી મારી નાખશે. ઈસ્માઈલ ભાઈએ ચારેય આરોપીઓ વિરુદ્ધ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



ખેડા જિલ્લા ના મહેમદાવાદ તાલુકાના સોજાલી ગામે આવેલ આશરે ૯૦૦ વર્ષ જુના ઐતિહાસિક મકબરા સૈયદ મુબારક શહીદ( ર.અ ) રોઝા-રોઝી દરગાહ નો વાર્ષિક સંદલ શરીફ ઇસ્લામિક ચાંદ ૨૭- રમઝાન ( શબે-કદ્ર ) તારીખ ૨૭-૩-૨૦૨૫ ને ગુરુવાર ના રોજ રાત્રે ૧૧:૩૦૦ કલાકે યોજાશે જેમાં સંદલની રસમ પેશ કરવામા આવશે જેમાં ગુજરાતભરના અકિદતમંદ આ સંદલ શરીફમા હાજરી આપશે અને ફૈઝ હાંસિલ કરશે અને બાદ આમ લંગર( ન્યાઝ )નો પ્રોગ્રામ થશે તેવું રોઝા રોઝી દરગાહ ના ખાદીમ સુલતાન શાહ દિવાને જણાવ્યું હતું.
( તસ્વીર:- સાજીદ સૈયદ, નડિયાદ )

# ચકલાસી : સસ્તા ભાવે ડોલર લેવા જતા રૂા.૧.૧૦ લાખ ગુમાવતા પોલીસમાં ફરિયાદ

**(પ્રતિનિધિ) નડિયાદ,** ચકલાસીમાં બે ઠગોએ ડોલર વટાવવાના બહાને ઊંચા કમિશનની લાલચ આપી બે વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧.૧૦ લાખ પડાવ્યા હોવાની ફરિયાદ ચકલાસી પોલીસ મથકે આજરોજ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષિય રીતેશ પટેલ પોતાના મુંબઈ ખાતે રહેતા સાળા શશીકાંત સોનીના ઘરે ગયા હતા. દરમિયાન તેમના સાળાએ જણાવેલ કે, જાન્યુઆરી માસમાં મને એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલો જેમાં સામેવાળી વ્યક્તિએ જણાવ્યું કે, મારે ફર્નિચર અને પ્લાસ્ટરનુ કામ કરવાનું છે પરંતુ મારી પાસે અમેરિકન ડોલર છે જે ડોલર મજૂરી પેટે લઈને કામ કરી આપવા કોઈ સંપર્ક હોય તો કહેજો તેવી વાત કરી હતી.આ વાત સાંભળીને રીતેશભાઈ ને આના વિશે તપાસ કરવાની જિજ્ઞાસા જાગી હતી એટલે તેમણે એ નંબર પર ફોન કરતા સામેવાળી વ્યક્તિએ પોતાની ઓળખાણ મહેન્દ્ર પટેલ હોવાનું જણાવ્યું હતું અને વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મારી પાસે અમેરિકન ડોલરના ૧૧ બંડલ છે જે ઈન્ડિયન રૂપિયામાં ટ્રાન્સફર કરી આપો અને અમારે ફક્ત આ ડોલરમાંથી ૫૦થી ૬૦ ટકા ભારતીય નાણું લેવાનું છે બાકીના નાણાં તમે કમિશન પેટે રાખજો તેવી વાત કરી હતી.

મહેન્દ્રભાઈ પટેલ નામના વ્યક્તિની ઓળખાણ આપીને વાત કરનાર વ્યક્તિએ એટલી સરળતાથી અને વિશ્વાસ બેસે તેવી રીતે વાત કરતા રીતેશભાઈ ને લાલચ જાગી હતી.. અને પોતે આ ડોલર વટાવવા તૈયાર છે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી અને એ ઈચ્છા ના અનુસંધાનમાં મીટીંગ ગોઠવાઈ હતી રીતેશભાઈ તેમના સાળા શશીકાંત સાથે ચકલાસી ગામે ગયા હતા જ્યાં રિતેશને આ મહેન્દ્ર પટેલનું અસલ નામ નરેન્દ્ર રાજપુત હોવાનું માલુમ પડ્યું હતું. ડોલર લેવા માટે તેમની સાથે રૂપિયા ૧.૧૦ લાખ લઈને ગયા હતા સામેવાળાએ પૂછ્યું કે રૂપિયા લાવ્યા છો તો એમણે હા પાડી હતી અને ડોલર આપવા માટે તૈયારી બતાવી હતી જોકે આ ગઠિયાઓએ અગાઉથી નક્કી કર્યા મુજબનું ઝઘડા નું નાટક શરૂ કર્યું હતું.. અંદર અંદર ઝઘડો કરી ભયનું વાતાવરણ ઊભું કર્યુ હતું એટલું જ નહીં રિતેશભાઈ અને તેમના સાળા ને ચપ્પુ બતાવી શશીકાંતભાઈના રોકડ રૂપિયા ૧ લાખ ૧૦ હજાર ઝુંટવી લીધા હતા. જોકે વાતાવરણ ગંભીર હોવાને પગલે જીવ બચાવવાના આશયથી રીતેશભાઈ અને શશીકાંત બંને જગ્યા છોડી તુરંત પોતાના ઘરે રવાના થઈ ગયા હતા. બાદમાં આજે રીતેશભાઈએ ઝીરો નંબરથી ચકલાસી પોલીસ મથકે આ બંને નરેન્દ્ર અને વિજય રાજપુત સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉમરેઠ પોલીસે ડિઝલ ચોરતી ગેંગનો એક ઈસમ ઝડપ્યો

**(પ્રતિનિધિ) ઉમરેઠ,** ઉમરેઠ પોલિસ સ્ટેશનનાં હદ વિસ્તારમાં જ્યારે ઉમરેઠ પોલિસ કર્મીઓ સરકારી વાહન ઉમરેઠ વન મોબાઈલમાં નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યાં હતા તે દરમ્યાન રાત્રીનાં ૨:૩૫ વાગ્યાનાં સુમારે ઉમરેઠ તાલુકાનાં લીંગડા ગામ પાસેની લીંગડા ચોકડીથી ભાલેજ તરફ લગભગ એક કિલોમીટરનાં અંતરે એક ટ્રક પાર્ક કરેલી દેખાતા પોલિસ દ્વારા તપાસ કરવાનાં હેતુથી પોલિસ ટ્રક પાસે પહોંચતા ટ્રકની આગળ એક હોન્ડાસીટી કાર ઉભેલી હતી જેમાં બે ઈસમો બેઠા હતા. પોલિસનું સરકારી વાહન હોન્ડાસીટીની આગળ ઉભું રહેતા હોન્ડાસીટીનાં ચાલકે પૂર ઝડપે હોન્ડાસીટી કાર હંકારી પોલિસનાં સરકારી વાહનનાં આગળનાં ભાગે અથડાવી અને સાઈડમાંથી કાઢી ભાલેજ તરફ નાસી છૂટ્યા હતા ત્યારબાદ સરકારી વાહનમાં બેઠેલા પોલિસકર્મીઓએ બહાર નીકળીને ટ્રક તરફ દોડી જઈને જોયું તો બીજા બે ઈસમો ટ્રકમાંથી ડિઝલ કાઢતા હતા અને તે પણ પોલિસને જોઈને ખેતરોમાં નાસી છૂટતા પોલિસે તેમનો પીછો કરી એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલિસ દ્વારા ઝડપાયેલા ઈસમની પૂછ પરછ કરતા તે ઠાસરા તાલુકાનાં જેસાપુરાનો રહેવાસી હોવાનું તથા નાસી છૂટેલા બીજા ત્રણ ઈસમો કોટલીંડોરાનાં રહેવાસી હોવાનું તથા હોન્ડાસીટી કાર લઈને ડિઝલ ચોરી કરવા નીકળ્યાં હોવાનું જણાવ્યું હતુ. આ ટ્રક બગડેલી હોવાથી રોડની સાઈડમાં ઉભી હતી તથા આ ચારેય ઈસમોને જોઈને ટ્રક ડ્રાઈવર નાસી ગયો હોવાનું જણાવ્યું હતુ.

ઉમરેઠ પોલિસે ચોરીનાં સ્થળેથી ભુરા રંગનો કેરબો અને તેમાં આશરે પચ્ચીસ લીટર ડિઝલ તથા પ્લાસ્ટીકની પાઈપ મળીને કુલ ૨૩૧૦/- રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી બી.એન.એસ. કલમ ૩૦૩(૨), ૩૨૪ તથા ૫૪ મુજબ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી.

# ડાકોર બ્રીજ પર વીજ કનેક્શન કપાતા અંધારપટ

**રૂા.૭ લાખનું બીલ બાકી, જવાબદાર કોણ ? પાલિકા કે પછી આર એન્ડ બી**

**(પ્રતિનિધિ) નડિયાદ,** ડાકોર નગરમાં કરોડોના ખર્ચે ચોકડી પર બનાવેલ ઓવરબ્રિજ પર પાલિકા અને પી ડબ્લ્યુ ડી ની આળસ ના કારણે વીજ બિલ ન ભરાતા વીજ કનેક્શન કપાઈ જતા હાલ અંધારપટ છવાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે જેના પગલે પ્રજા માં રોષ જોવા મળે છે ડાકોર નગરમાં આવેલ ચોકડી પર ભૂતકાળમાં રોજબરોજ પસાર થતાં મોટી સંખ્યામાં વાહનોને લઈ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે ચોકડી પર ઓવર બ્રિજ નું નિર્માણ કરવામાં આવ્યું છે સાથે ઓવરબ્રિજ ને વીજળી થી ઝળહળાવવામાં પણ આવ્યો હતો આ માટે વીજ કંપની દ્વારા તારીખ ૪ જૂન ૨૦૨૨ ના રોજ વીજ મીટર ફાળવવા માં આવ્યું હતું જોકે આ પછી ઓવરબ્રિજ માટે ફાળવવામાં આવેલ વીજ કલેક્શનનું વીજબિલ ભરવા માટે ડાકોર નગરપાલિકા અને પીડબ્લ્યુડી વિભાગ વચ્ચે હુસા તુસી શરૂ થઈ હતી જોકે ઓવર બ્રિજના વીજ કનેક્શન ડાકોર નગરપાલિકાના ચીફ ઓફિસર નામે ચાલતું હોય વીજબીલ વીજ બીલ ડાકોર નગરપાલિકાને ભરવાનું હોવાનું જાણવા મળ્યું છે દરમિયાન ઓવરબ્રિજ માટે ફાળવેલ વીજ કનેક્શનનું તારીખ ૪ જૂન ૨૦૨૨ થી તારીખ ૨૪ માર્ચ ૨૦૨૫ એટલે કે ગઈકાલ સુધી રૂપિયા સાત લાખ ઉપરાંત નો વીજબીલ ભરવાનું બાકી હતું વીજ કંપની દ્વારા અનેકવાર નોટિસો આપવા છતાં પાલિકા તંત્ર દ્વારા આ બાકી વીજબીલ ભર્યુ ન હતું જેના પગલે વીજ કંપની દ્વારા ના છુટકે ગઈકાલે ઓવરબ્રિજ નુ વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું જેના પગલે રોજ રોશની થી ઝળહળતા ઓવર બ્રિજ પર હાલ અંધારપટ છવાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# અમેરિકા જશો નહીં, અટકાયત થઈ જશે યુરોપના દેશોની નાગરિકોને ચેતવણી

**(એજન્સી)બર્લિન,** અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમીગ્રેશનના કાયદા કડક બનાવતાં યુકે અને જર્મની જેવા યૂરોપના અનેક દેશોએ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી છે અને ચેતવણી આપી છે કે માન્ય વિઝા કે ઈસએટીએના ઓથોરાઈઝેશનનો મતલબ નથી કે તે દેશમાં તમારા પ્રવેશની ગેરંટી નથી. અટકાયત થઈ શકે છે. જર્મનીના વિદેશ મંત્રાલયે પોતાના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ ટાળવાની સલાહ આપી છે. અમેરિકાના વિઝા મળ્યા હોય તેવા લોકો ઈલેક્ટ્રોનિક સીસ્ટમ ફોર ટ્રાવેલ ઓથોરાઈઝેશન થકી મંજૂરી લઈ અમેરિકામાં પ્રવેશ કરતા હોય છે. ESTAની મંજૂરી લેવાથી પ્રવેશ કરવાનો અધિકાર મળી હોવાનું નકારીને અમેરિકામાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન યુરોપીયન નાગરિકોની અટકાયત કરવામાં આવી છે. અમેરિકામાં પ્રવેશ સમયે બે જર્મન નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. તેમાંથી એક પાસે તો ગ્રીન કાર્ડ હોવા છતાં ESTAમાંથી મળેલી મંજૂરીને અપર્યાપ્ત ગણાવી અમેરિકાએ અટકાયતી પગલાં લીધા હતા. બાદમાં બંને જર્મન નાગરિકને મુક્ત કરાયા હતા, પરંતુ આ ઘટનાથી રોષે ભરાયેલા જર્મનીએ પોતાના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ ટાળવા જણાવ્યું છે.


**વેસ્ટર્ન ટાઇમ્સ**

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર


# નેત્રંગના કાકડકુઈ ગામે ખેતરમાં રહેતા ઈસમની ખેતર માલિક, મિત્ર દ્વારા હત્યા

**(પ્રતિનિધિ) ભરૂચ,** ભરૂચ જિલ્લાના નેત્રંગ ત?લુકાના કાકડકુઈ ગામે નજીવા ઝઘડામાં એક ઈસમની હત્યા થઈ હોવાની ઘટના બનવા પામી હતી.

આ અંગે નેત્રંગ પોલીસમાંથી મળતી વિગતો અનુસાર નેત્રંગ તાલુકાના કાકડકુઈ ગામના ૪૪ વર્ષીય રાજેશભાઈ ગોમાભાઈ વસાવા નામના ઈસમના લગ્ન બાદ તે બે સંતાનોનો પિતા બન્યો હતો.ત્યાર બાદ આશરે દશેક વર્ષ પહેલા તેને પત્ની સાથે અણબનાવ થતાં તેની પત્ની બાળકો સાથે પિયરમાં રહેવા જતી રહી હતી.રાજેશ છુટક મજુરી કામ કરતો હતો અને તે દારૂ પીવાની ટેવવાળો હોઈ ગામના અશ્વિનભાઈ ધારાસિંગ વસાવા સાથે દારૂ પીને તેની સાથે ફરતો હતો અને તે અશ્વિનભાઈના ખેતરમાં આવેલ આંબાના ઝાડ નીચે ખાઈ પીને સુઈ રહેતો હતો.આ દરમ્યાન ગતરોજ તા.૨૪ મીના રોજ રાતના આઠ વાગ્યાના અરસામાં રાજેશ અને અશ્વિન વચ્ચે કોઈ વાતે ઝઘડો થયો હતો.આ ઝઘડા દરમ્યાન અશ્વિનભાઈએ રાજેશને માથા પર પત્થર મારતા રાજેશ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ રાજેશના નાક અને કાન માંથી લોહી નીકળતું હતું,તેમજ માથાના ભાગે પણ લોહી લુહાણ થતાં તેનું મોત નીપજ્યું હતું.ઘટના બાદ અશ્વિન વસાવા સ્થળ ઉપરથી નાશી ગયો હતો.મૃતકનું નેત્રંગ સરકારી દવાખાને પી.એમ કરવામાં આવ્યું હતું.ઘટના સંદર્ભે મૃતકની બહેન સંગીતાબેન વસાવા રહે.ગામ અરેઠી તા.નેત્રંગનાએ નેત્રંગ પોલીસમાં રાજેશની હત્યા કરનાર અશ્વિન ધારાસિંગ વસાવા રહે.કાકડકુઈ તા.નેત્રંગ જિ.ભરૂચના વિરુધ્ધ ફરિયાદ લખાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથધરી હતી.

## પાનોલી GIDCમાં આવેલી કંપનીમાં કામદારનું મશીનમાં માથું આવી જતાં મોત

**(પ્રતિનિધિ)ભરૂચ,** અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી બ્લુમ સીલ કન્ટેનર્સ કંપનીમાં એક કામદારનું કરુણ મોત નિપજ્યું છે.કંપનીમાં કામ કરી રહેલા ૨૬ વર્ષીય પ્રકાશ વર્માનું માથું મશીનમાં આવી જતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી.ઘટનાની જાણ થતાં અન્ય કામદારો ભેગા થઈ ગયા હતા.કંપનીના સત્તાધીશોને તરત જ જાણ કરવામાં આવી હતી.ઈજાગ્રસ્ત કામદારને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જો કે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે કામદાર મશીન નજીક કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક તેમનું માથું મશીનમાં ફસાઈ ગયું હતું.બનાવ અંગે પાનોલી પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

# આણંદના નગરજનોએ રૂ.૧૩.૮૦ લાખ નો મિલકત વેરો જમા કરાવ્યો

**(પ્રતિનિધિ) આણંદ,** આણંદ મહાનગરપાલિકા દ્વારા નગરજનોને તેમને ભરવા પાત્ર બાકી મિલકત વેરો ભરવા માટે તા. ૩૧ માર્ચ સુધી રજાના દિવસોએ પણ મહાનગરપાલિકા આણંદ ખાતેની ટેક્સ વિભાગની કચેરી ચાલુ રાખવામાં આવી છે, ત્યારે જાહેર રજા ચોથો શનિવાર તા.૨૨ અને રવિવાર તા.૨૩ માર્ચ ના જાહેર રજા ના દિવસે નગરજનોએ પોતાનો બાકી મિલકત વેરો જમા કરાવ્યો છે અને માત્ર બે દિવસમાં જ રૂપિયા ૧૩.૮૦ લાખની આવક થઈ છે.

આમ, આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા નગરજનો દ્વારા રજાના દિવસોએ પણ પોતાનો મિલકત વેરો જમા કરાવ્યો છે.

આણંદ મહાનગરપાલિકા દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવે છે કે આગામી તારીખ ૩૦ ને રવિવાર અને તા. ૩૧ માર્ચ ના સોમવારના રોજ રમજાન ઈદની જાહેર રજા ના દિવસોએ પણ આણંદ મહાનગરપાલિકાની ટેક્સ વિભાગની ઓફિસ સવારે ૧૧-૦૦ કલાકથી બપોરના ૧૬-૦૦ કલાક સુધી ચાલુ રહેશે, તો નગરજનોએ બાકી મિલકત વેરો ભરવા માટે મહાનગરપાલિકા દ્વારા જાહેર રજા ના દિવસોએ આપવામાં આવેલી સવલતનો લાભ લઈ મિલકત વેરો જમા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.


**નામ બદલેલ છે**

મેં મારું નામ **ધારૈયા દેવ રાજેશભાઈ** હતું, જે બદલીને **દેવ જિજ્ઞા ધારૈયા** કરેલ છે.
**સરનામું :** બ્લોક ૧૩, બેંક ઓફ બરોડા સોસાયટી, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
5811

**ઓળખ કાર્ડ ખોવાયેલ છે**

પઠાણ સિરાજ ઐયુબખાન (F0S-સુકુન એસોસીએટસ)નું એચ.ડી.એફ.સી. બેંકનું ઓળખ કાર્ડ નં. 240316346700068 તા. ૨૨-૦૨-૨૦૨૫ ના રોજ શાહઆલમ દરગાહ પાસેથી ખોવાયેલ છે. જેને પણ મળે તેને મોબાઈલ નં. 9825981570 ઉપર સંપર્ક કરવા વિનંતી.

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

25 kV AC OHE ની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ

ઇ-ટેન્ડર નોટિસ નં : EL/C/ADI/TRD&GS/41R/2024-25 (1) કામનું નામ અને સ્થાન : વડોદરા-ગેરાટપુર વિભાગમાં એલસી નં. 248, કિમી 418/5-7 પર 257, કિમી 426/18-20 પર 270, કિમી 444/0-2 પર 278, કિમી 455/20-22 પર 271, કિમી 445/10-12 પર 267, કિમી 441/16-18 પર 238 અને વિરમગામ-મહેસાણા વિભાગમાં કિમી 61/2-3 પર એલસી નં. 64 એસપીએલના બદલે બાંધવામાં આવનાર ROB ના વિધુત ઉલ્લંઘન અને વિધુતીકરણને દૂર કરવા માટે 25 KV AC OHE ની ડિઝાઇન, પુરવઠો, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ. (2) કામનો અંદાજિત ખર્ચ : ₹2,98,74,066/- (3) જમા કરાવવાની અર્નેસ્ટ મની ડિપોઝિટ : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (4) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (5) ટેન્ડર ફી : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (6) કામ પૂર્ણ કરવાનો સમય : 12 મહિના (7) વેબસાઇટ અને નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડર વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું નોટિસ બોર્ડ અને ઓફિસ ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન અસારવા, અમદાવાદ (ગુજરાત - 382345)
www.ireps.gov.in 135
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અમારા સુચીત બિલ્ડીંગ કન્ટ્રકશન પ્રોજેક્ટ નામે "AZZARO" ની સાઈટ મોજે જગતપુર, અમદાવાદ સર્વે નંબર 150, પ્લોટ એરીયા 9471 $m^2$, બાંધકામ એરીયા 29,064.14 $m^2$ માટે ગુજરાત રાજ્ય લેવલ પર્યાવરણીય ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી ગાંધીનગર તરફથી તેના પત્ર નંબર SIA/GJ/ INFRA2/501868/2024, તા. 21-03-2025 થી પૂર્વ પર્યાવરણીય મંજુરી મળેલ છે. જેથી નકલ GPCB સાઈટ તેમજ SEIAA અને SEAC સાઈટ પર ઉપલબ્ધ છે.
સ્થળ : જગતપુર, અમદાવાદ. | મેરાસ કોર્પ એલ.એલ.પી. ડેવલપર
તારીખ : ૨૫-૦૩-૨૦૨૫

**યુપીએલ લિમિટેડ**
CIN:L24219GJ1985PLC025132
રજીસ્ટર્ડ ઓફિસ : ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ-વલસાડ, ગુજરાત-૩૯૬ ૧૯૫.
ઈમેલ: upl.investors@upl-ltd.com । વેબસાઈટ: www.upl-ltd.com
ફોન નં. : ૦૨૬૦-૨૪૦૦૭૧૭। ફેક્સ નં. : ૦૨૬૦-૨૪૦૧૮૨૩

**કંપનીના શેરહોલ્ડરો માટે સૂચના**
**વિષય : સતત સાત વર્ષથી દાવો ન કરાયેલા અપૂર્ણાંક હકદારીના પ્રેફરન્સ શેર વેચાણની રકમનું રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ સત્તામંડળને ટ્રાન્સફર**

આ નોટિસ કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ સાથે વાંચતાં કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા સૂચિત ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ અંતર્ગત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે સમયાંતરે થતા બદલાવો સાથે જે અપૂર્ણાંક હક્કની રકમ સતત છેલ્લા સાત વર્ષ સુધી દાવો ન કર્યો હોય એવા શેરધારકોની રકમ સ્થાયી રૂપથી ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઑથોરિટીમાં ટ્રાન્સફર થવા જોઈએ,(આઈ.ઈ.પી.એફ), આ ફંડનું ગઠન સેન્ટ્રલ ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા નિયમન કલમ ૧૨૪ (૬) ઓફ કંપનીસ એક્ટ,૨૦૧૩.

કંપનીએ કંપનીમાં નોંધાયેલા ઓપ્શનલી કન્વર્ટિબલ પ્રેફરન્સ શેર ધરાવતા સંબંધિત શેરધારકોને તેમના સરનામે વ્યક્તિગત સંદેશ મોકલ્યો છે, જેમની અપૂર્ણાંક હકદારીની વેચાણની રકમ ઉપરોક્ત નિયમો હેઠળ આઈઈપીએફમાં ટ્રાન્સફર કરવા માટે જવાબદાર છે. આ સૂચના દ્વારા સૂચના આપવામાં આવે છે કે અપૂર્ણાંક હકદારીની વેચાણની રકમ, જેનો દાવો ૭ વર્ષથી એટલે કે વર્ષ ૨૦૧૭ થી કરવામાં આવ્યો નથી, તેને આઈઈપીએફમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ છે.

ઉપરોક્ત દાવા વગરના વેચાણની રકમ અને જે આઈઈપીએફ ખાતામાં તબદીલ કરવાને પાત્ર હોય એની માહિતી ઈન્વેસ્ટર્સ, વિભાગ અંતર્ગત કંપનીની વેબસાઈટ www.upl-ltd.com ઉપર પણ મુકવામાં આવી છે.

**આ વેચાણની રકમના દાવા માટે સંબંધિત શેરધારકોને આ દ્વારા વિનંતી કરવામાં આવે છે કે તેઓ ૩૧ મે, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં કંપની અથવા કંપનીના રજીસ્ટ્રારને મેસર્સ MUFG ઈનટાઈમ પ્રા. લિમિટેડ, સી - ૧૦૧, ૨૪૭ પાર્ક, એલ બી એસ માર્ગ, વિખરોલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૩, ટેલિ નં.+ ૯૧ ૮૧૦૮૧૧૬૭૬૭, ઈમેઈલ rnt.helpdesk@linkintime.co.in (Registrar) ઉપર પત્રવ્યવહાર કરવો.**

**આ માટે શેરધારકોએ અપૂર્ણાંક હક્ક વેચાણની રકમ માટે નીચે જણાવેલ માહિતી આપવી પડશે. ૧. કંપનીનું નામ ૨. ફોલીયો નંબર અથવા ડીપીઆઇડી એન્ડ કલાઈન્ટ આઇડી ૩. શેરધારકોનું નામ અને સંયુક્ત નામ ૪.સંપર્ક નંબર જેમ કે ઇમેઇલ, ટેલિફોન નંબર ૫.સરનામું તદ્ઉપરાંત સ્વહસ્તાક્ષર કેવાસી નમૂના જેવા કે પેનકાર્ડ, કેન્સલ ચેક સાથે લેટેસ્ટ યુટીલીટી બિલ સરનામાંના પ્રુફ માટે. આ સાથે નોંધ લેવી કે કોઈપણ ફેરફારો માટે વધારાની માહિતિ રજીસ્ટ્રાર દ્વારા શેરધારકો પાસે માંગી શકે છે.**

જો ઉપરોક્ત તારીખ પહેલાં દાવો પ્રાપ્ત ન થાય, તો ઉપરોક્ત નિયમો અનુસાર અપૂર્ણાંક હકદારીની સંબંધિત વેચાણની રકમ આઈઈપીએફને ટ્રાન્સફર કરવામાં આવશે. કૃપા કરીને નોંધ લો કે આઈઈપીએફને ટ્રાન્સફર કરાયેલી રકમના સંદર્ભમાં કંપની સામે કોઈ દાવો રહેશે નહીં.

એકવાર અપૂર્ણાંક હકદારીની વેચાણની રકમ આઈઈપીએફમાં ટ્રાન્સફર થઈ જાય પછી, તમે ઉપરોક્ત નિયમો હેઠળ નિર્ધારિત ઈ-ફોર્મ નંબર આઈઈપીએફ-૫ માં અરજી કરીને ફક્ત આઈઈપીએફમાંથી જ તેનો દાવો કરી શકો છો.

જો તમારી પાસે કોઈ પ્રશ્ન હોય, તો તમે ઉપર આપેલી સંપર્ક માહિતી અનુસાર રજિસ્ટ્રાર એટલે કે, MUFG Intime India Pvt. Ltd. નો સંપર્ક કરી શકો છો.

યુપીએલ લિમિટેડ વતી,
સહી/-
સ્થળ : મુંબઇ | સંદીપ દેશમુખ
તારીખ : ૨૫/૦૩/૨૦૨૫ | કંપની સેક્રેટરી એન્ડ કોમ્પલાયન્સ ઓફિસર

**લક્ષ્મી ગોલ્ડઓર્ના હાઉસ લિમિટેડ**
CIN : L36910GJ2010PLC059513
રજી.ઓફીસ : લક્ષ્મી હાઉસ, બંધારાનો ખાંચો, એમ.જી. હવેલી રોડ, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત, ઈન્ડિયા.
Email : cs@laxmilifestyle.co.in • Website : www.laxmilifestyle.co.in

**સભ્યોને પોસ્ટલ બેલેટની સૂચના**

લક્ષ્મી ગોલ્ડોર્ના હાઉસ લિમિટેડ ("કંપની") ના સભ્યો/શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (અધિનિયમ) ની કલમ ૧૧૦ અને કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમો ૨૦ અને ૨૨ ની જોગવાઈઓ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૪ ('SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સ'), ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટિંગ્સ ('SS-૨") અને ૮ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ જારી કરાયેલ જનરલ પરિપત્ર નં. ૧૪/૨૦૨૦; ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ જનરલ પરિપત્ર નં. ૧૭/૨૦૨૦: ૧૫ જૂન, ૨૦૨૦ ના રોજ જનરલ પરિપત્ર નં. ૨૨/૨૦૨૦; ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ જનરલ પરિપત્ર નં. ૩૩/૨૦૨૦; જનરલ પરિપત્ર નં. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ જાહેર કરાયેલ નં. ૩૯/૨૦૨૦; ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૧: ૮ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૧; ૫ મે, ૨૦૨૨ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૩૧૨૦૨૨; ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૧૧/૨૦૨૨: ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૯૧૨૦૨૩ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ જાહેર કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૯૧૨૦૨૪ ("MCA પરિપત્રો"). કંપનીએ ૨૨ માર્ચ, ૨૦૨૫ ના રોજ ઇલેક્ટ્રોનિક માધ્યમથી પોસ્ટલ બેલેટ નોટિસ, સ્પષ્ટીકરણાત્મક નિવેદન અને મૂલ્યાંકન અહેવાલ સાથે, ૨૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ ઇલેક્ટ્રોનિક માધ્યમથી, એવા સભ્યોને મોકલી છે જેમના નામ સભ્યોના રજિસ્ટર/લાભાર્થી માલિકોની યાદીમાં દેખાય છે અને જેમના ઈ-મેલ આઈડી કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૨૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ કંપની/ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે, જેથી પોસ્ટલ બેલેટની નોટિસમાં દર્શાવેલ ખાસ વ્યવસાયની વસ્તુઓ પર ઇલેક્ટ્રોનિક માધ્યમથી પોસ્ટલ બેલેટ દ્વારા કંપનીના સભ્યોની મંજૂરી મેળવી શકાય.

સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે તે માટે કંપનીએ રિમોટ ઈ-વોટિંગની સુવિધા આપવા માટે NSDL (નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ) ની સેવાઓનો લાભ લીધો છે. રિમોટ ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટની સૂચનામાં આપવામાં આવી છે.

રિમોટ ઈ-વોટિંગ સમયગાળો નીચેના સમયગાળા માટે ઉપલબ્ધ રહેશે:
મતદાનની શરૂઆત: બુધવાર 26 માર્ચ, ૨૦૨૫, સવારે 09:00 વાગ્યે (IST) થી અને મતદાનનો અંત: ગુરુવાર, ૨૪ એપ્રિલ ૨૦૨૫, સાંજે 5:00 વાગ્યે (IST).

ત્યારબાદ રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરવામાં આવશે. સભ્ય દ્વારા ઠરાવો પર મતદાન થયા પછી, સભ્યને તેને પછીથી બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ પોસ્ટલ બેલેટ (રિમોટ ઈ-વોટિંગ દ્વારા) દ્વારા સભ્યો દ્વારા પસાર કરાયેલા ઠરાવો સભ્યોની સામાન્ય સભામાં પસાર થયા હોય તેમ માનવામાં આવશે. જો ઠરાવો, પોસ્ટલ બેલેટ દ્વારા જરૂરી બહુમતી સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવે, તો તે રિમોટ ઈ-વોટિંગની છેલ્લી તારીખે એટલે કે ગુરુવાર, ૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પસાર થયા હોવાનું માનવામાં આવશે.

MCA પરિપત્રો અનુસાર, આ પોસ્ટલ બેલેટ માટે સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસની હાર્ડ કોપી, પોસ્ટલ બેલેટ ફોર્મ અને પ્રી-પેઇડ બિઝનેસ રિપ્લાય પરબિડીયું મોકલવામાં આવતું નથી અને સભ્યોએ તેમની સંમતિ અથવા અસંમતિ ફક્ત રિમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ જણાવવી જરૂરી છે.

શુક્રવાર, ૨૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ, જે સભ્યોના નામ સભ્યોના રજિસ્ટર/લાભાર્થી માલિકોની યાદીમાં કટ-ઓફ તારીખ તરીકે દેખાય છે, તેઓ આ સૂચનામાં દર્શાવેલ ઠરાવો પર ફક્ત રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવા માટે હકદાર છે. સભ્યોના મતદાન અધિકારો ઉપરોક્ત કટ-ઓફ તારીખે કંપનીની ચૂકવેલ ઇક્વિટી શેર મૂડીમાં તેમના હિસ્સાના પ્રમાણમાં રહેશે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ www.laxmilifestyle.co.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.nseindia.com અને NSDLની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખે સભ્ય નથી, તેમણે પોસ્ટલ બેલેટની આ નોટિસને ફક્ત માહિતીના હેતુ માટે ગણવી જોઈએ.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ઇ-વોટિંગ પ્રક્રિયાને ન્યાયી અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સ્ક્રુટિનાઇઝર તરીકે કાર્ય કરવા માટે મેસર્સ નીરવ શાહ એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ, અમદાવાદ (સભ્યપદ નં. A૩૯૪૧૨, સીપી નં. 27102) ની નિમણૂક કરી છે.

પોસ્ટલ બેલેટના પરિણામો પોસ્ટલ બેલેટ પૂર્ણ થયાના બે કાર્યકારી દિવસોમાં જાહેર કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જ એટલે કે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) ને સબમીટ કર્યા પછી કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં સ્ક્રુટિનાઈઝર રિપોર્ટ સાથે પ્રદર્શિત કરવામાં આવશે, જ્યાં કંપનીના ઈક્વિટી શેર લિસ્ટેડ છે, સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ અનુસાર અને કંપનીની વેબસાઇટ www.laxmilifestyle.co.in અને NSDL ની વેબસાઇટ www.evoting.nsdl.com પર અપલોડ કરવામાં આવશે. પોસ્ટલ બેલેટની માન્યતા અંગે સ્ક્રુટિનાઈઝરનો નિર્ણય અંતિમ રહેશે.

સભ્યોને એ પણ જાણ કરવામાં આવે છે કે જો તમને ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે www.evoting.nsdl.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQs") અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો, જે મદદ વિભાગ હેઠળ ઉપલબ્ધ છે અથવા ટોલ-ફ્રી નંબર 022-4886 7000 પર સંપર્ક કરી શકો છો અથવા evoling@nsdl.com પર વિનંતી મોકલી શકો છો અથવા શ્રીમતી પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ, T301, ત્રીજો માળ, નમન ચેમ્બર્સ. જી બ્લોક. પ્લોલ નંબર-C-૩૨, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદિયા પૂર્વ, મુંબઈ- 400051, ઇમેઇલ આઈડી- evoting@nsdl.com પર અથવા ઉપરોક્ત ટોલ ફ્રી નંબર પર ઇમેઇલ લખી શકો છો અથવા cs@laxmilifestyle.co.in પર અથવા cs.laxmigold@gmail.com પર ઇમેઇલ લખી શકો છો.

લક્ષ્મી ગોલ્ડઓર્ના હાઉસ લિમિટેડ વતી,
સહી/-
તારીખ : 25/03/2025 | જયેશ ચિનુભાઈ શાહ
સ્થળ : અમદાવાદ. | મેનેજિંગ ડિરેક્ટર - DIN: 02479665